# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIP VOTING IN STATE

લોકશાહીના મહાપર્વની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં આજે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરા ખાતે પરિવાર સાથે જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિલજની પ્રાથમિક શાળામાં મતદાન કરી લોકોને મતદાનની કરવા અપીલ કરી.

ઉપરાંત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે પરિવાર સાથે અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં મતાધિકારનો ઉપયોગ કર્યો.

તો, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગરના વૉર્ડ નંબર પાંચમાં સત્યસાંઈ શાળામાં મતદાન કરી પ્રતિક્રિયા આપી.

**(BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE)**

તો, કૃષિમંત્રી જિતુ વાઘાણીએ ભાવનગરમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પોરબંદરના મોઢવાડા ગામમાં, ભાજપના વરિષ્ઠ નેતા વજુભાઈ વાળાએ રાજકોટના વૉર્ડ નંબર આઠમાં, કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગરની ચંદ્રમૌલી પ્રાથમિક શાળામાં મતદાન કર્યું.

બીજી તરફ, કૉંગ્રેસના પીઢ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલે નડિઆદ પ્રયાગપાર્કમાં અને ગુજરાત વિધાનસભામાં કૉંગ્રેસ પક્ષના નેતા

ડૉક્ટર તુષાર ચૌધરીએ તાપીમાં વ્યારાની દક્ષિણાપથ શાળામાં મતદાનની ફરજ નિભાવી. તો, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ દેવભૂમિ-દ્વારકાના પીપળિયા ખાતે મતદાન કરી લોકોને મતદાનની અપીલ કરી.

# VOTING TURNOUT

રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થઈ રહ્યું છે. 15 મહાનગરપાલિકામાં અત્યાર સુધી સરેરાશ 31.32 ટકા મતદાન નોંધાયું છે. જ્યારે 84 નગરપાલિકામાં સરેરાશ 38.12 ટકા મતદાન થયું છે. તો, 34 જિલ્લા પંચાયતમાં સરેરાશ 42.41 ટકા અને 260 તાલુકા પંચાયતમાં સરેરાશ 43.03 ટકા મતદાન નોંધાયું હોવાનું રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયું છે.

સાંજે 6 વાગ્યે મતદાન પૂર્ણ થયા પછી નવ હજાર 263 જેટલા બેઠક માટે મેદાનમાં રહેલા 25 હજાર 537 જેટલા ઉમેદવારોનું ભાવિ ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન – EVM-માં કેદ થશે. જ્યારે મગળવારે 28 તારીખે પરિણામ જાહેર કરાશે.

# VOTING UTSAH

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત આજે મતદાન કરવા વહેલી સવારથી જ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. મતદારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે યુવા મતદાર ઉપરાંત વડીલો, દિવ્યાંગો અને પ્રભુતામાં પગલાં માંડવા જઈ રહેલા નવ યુગલો પણ લોકશાહીના આ ઉત્સવમાં ઉત્સાહભેર જોડાયા. જામનગરના ધ્રોલ તાલુકાના લતીપર ગામે 117 વર્ષીય વૃદ્ધા અને પંચમહાલના કાલોલ તાલુકાના 112 વર્ષીય લક્ષ્મી બાએ મતદાન કરી યુવા મતદારોને પ્રેરણા પૂરી પાડી.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના કાજલી ગામે અને તાપી જિલ્લાના વાલોડ ગામે વરરાજા એ તેમજ જુનાગઢ તાલુકાના માખીયાળા દુલ્હને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું. જ્યારે રાજકોટ જિલ્લાના જેતપુરમાં પણ એક કન્યાએ લગ્ન પેહલા મતદાન કરી પ્રતિભાવ આપ્યો.

## (BYTE : AVANI DULHAN)

ખેડા જિલ્લાના વડતાલમાં અને બોટાદ જિલ્લામાં સાધુ સંતોએ પણ આજે મતદાન કર્યું. આ ચૂંટણીમાં ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરી રહેલા યુવા મતદારોમાં અનેરો ઉત્સાહ અને જાગૃતિ જોવા મળી છે.

ભાવનગરના યશવી ભટ્ટીએ પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના પર્વમાં ભાગીદારી નોંધાવી. ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરનાર સુરેન્દ્રનગર યુવા મતદાર વાગ્મી ભટ્ટે પોતાનો અનુભવ વર્ણવ્યો.

**(BYTE: WAGMI BHATT)**

આ ઉપરાંત સાબરકાંઠા બનાસકાંઠા સહિતના વિવિધ જિલ્લાના કલેક્ટરોએ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લઈ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું.

# PM MANN KI BAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં કચ્છના રણમાં આવતા ફ્લેમિંગો પક્ષીઓનો ઉલ્લેખ કર્યો. સ્થાનિક લોકોમાં 'લાખા જી કે બારાતી' તરીકે પ્રચલિત આ પક્ષીઓ કચ્છમાં પર્યાવરણીય સંરક્ષણનું એક સુંદર પ્રતીક બન્યા હોવાનું શ્રી મોદીએ ઉમેર્યું.

**(BYTE : PM-ON-GREAT-INDIAN-BUSTARD)**

દરમિયાન શ્રી મોદીએ દેશવાસીઓને આગામી બુદ્ધપુર્ણિમાની શુભેચ્છાઓ પાઠવી. તેમણે વર્તમાન વૈશ્વિક તણાવ અને સંઘર્ષના સમયે ભગવાન બુદ્ધના ઉપદેશ વધુ મહત્વના બની ગયા હોવાનું વધુમાં જણાવ્યું.

અંતમાં, શ્રી મોદીએ બાળકોને ઉનાળાની રજાઓનો સંપૂર્ણ આનંદ માણવા અને કંઈક નવું શીખવાનો પ્રયાસ કરવાની પણ સલાહ આપી.